


# કોંગ્રેસના ઉમેદવારો નક્કી કરવા આજે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

## ૧૮૨ પૈકીની ૧૨૦ બેઠકોના સિંગલ નામો પર સ્ક્રીનીંગ કમિટીની મહોરઃ ૧૦ સીટ એનસીપીને અપાય તેવી વકી

અમદાવાદ, તા. ૧૬ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસની સ્ક્રીનીંગ કમિટીએ ૧૨૦ બેઠકો પર ઉમેદવારોના સીંગલ નામને મંજૂરી આપ્યા બાદ આવતીકાલ તા. ૧૭મી નવેમ્બરને શનિવારના રોજ કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીની ઉપસ્થિતિમાં તેમના નિવાસસ્થાને મહત્વની બેઠક યોજાશે જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટેના ઉમેદવારોના નામને મંજૂરીની મહોર મરાશે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના દિલ્હીના સત્તાવાર નિવાસસ્થાન ૧૦, જનપથ ખાતે આવતીકાલ તા. ૧૭મી નવેમ્બરના રોજ ગુજરાતની ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવારો નક્કી કરવા માટે પાર્લામેન્ટરી બોર્ડની મહત્વની બેઠક યોજાશે. આ બેઠકમાં સ્ક્રીનીંગ કમિટીના ચેરમેન સી. પી. જોશી, પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ, ગુજરાતના પ્રભારી મોહનપ્રકાશ વગેરે ઉપસ્થિત રહેશે. ઉમેદવારોની પસંદગીની આખરી કવાયત ચાલવાની હોવાથી, કોંગ્રેસના તમામ ટિકિટ વાંચ્છુઓની નજર જનપથ પર પડી છે. કોંગ્રેસની સ્ક્રીનીંગ કમિટીએ લાંબી કસરત બાદ ૧૮૨માંથી ૧૨૦ બેઠકો પર પેનલોમાંથી સીંગલ નામની યાદી બનાવી દીધી છે. ૧૮૨ બેઠકમાંથી ૧૦ બેઠકો એનસીપીને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે ૧૨૦ બેઠકો માટે સીંગલ નામો નક્કી કરવામાં આવ્યા છે એમાં કોંગ્રેસના ૪૫ જેટલાં ધારાસભ્યોનો સમાવેશ થાય છે. તમામ બેઠકો પર નવા સીમાંકન અને જ્ઞાતિના સમીકરણો ધ્યાને રાખીને ઉમેદવારોને પસંદ કરીને એનું લિસ્ટ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને સુપરત કરાશે. સોનિયા ગાંધી વન ટુ વન બેઠકની ચર્ચા કરીને મંજૂરીની મહોર મારશે. જે બેઠકો વિવાદાસ્પદ નથી એવી ૨૫ જેટલી બેઠકોના ઉમેદવારોના નામની જાહેરાત તા. ૨૦મી નવેમ્બરે કરવામાં આવે એવી શક્યતા છે.



નૂતન વર્ષના મંગલાચરણે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શુભેચ્છાઓની આપ-લે નાગરિકો સાથે કરી તે પ્રસંગે સામાન્ય નાગરિકો, ધારાસભ્યો અને અધિકારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.

# ૨૫મી ડિસેમ્બરે મારા બંગલે ભોજન મિલનનો કાર્યક્રમ રહેશે



નવા વર્ષ નિમિત્તે અમદાવાદ ખાતે પત્રકારો સાથે અનૌપચારિક વાતચીત કરતાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી. સ્નેહમિલન પ્રસંગે નરેન્દ્ર મોદીએ વિજય વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ૨૫મી ડિસેમ્બરે ગાંધીનગરના મુખ્યમંત્રીના નિવાસસ્થાને આપણે સાથે મળીશું.

ગાંધીનગર,તા.૧૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ સાથે મિડીયા પ્રતિનિધિઓને કહ્યું હતું કે અત્યારે તો આચાર સંહિતા નડી હોવાથી મારા બંગલે સ્નેહ મિલન કરી શક્યા નથી પરંતું આપણે ૨૫મી ડિસેમ્બરે મારા મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને સાથે ભોજન લઈશું.

પત્રકારો સાથેના સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે દિવાળી પછી સામાન્યરીતે મારા બંગલે પત્રકાર મિલન રાખવામાં આવે છે પરંતું આ વખતે ચૂંટણીની આચાર સંહિતા હોવાથી હું રાખી શક્યો નથી પરંતુ તમને વિશ્વાસ સાથે કહું છું કે આપણે ૨૫મી ડિસેમ્બરે ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિને મારા બંગલે મિલન સાથે ભોજન લઈશું. આ સાથે તેમણે આડકચરો વિજયનો અણસાર આપી દીધો હતો.

શ્રી-ડી ટેકનોલોજીથી ચૂંટણી પ્રચાર કરવાની નવી જાહેરાત માટે માઈક આપતાં મોદીએ પુરુષોત્તમ રૂપાલાને કહ્યું હતું કે આપ આ માઈક લઈ લો અથવા તો તમે મારી જગ્યાએ આવીને બેસી જાવ.. સ્નેહમિલનના મંચ ઉપરથી ખુરશી આપવાની મોદીએ વાત કરતાં રૂપાલાએ કહ્યું સાહેબ, તમે તમારી ખુરશીમાં બરાબર છો. મારે ત્યાં નથી બેસવું... એમ કહી તેમણે માઈક માટે હાથ લંબાવ્યો હતો.

આ તબક્કે મિડીયા પ્રતિનિધિઓ તેમજ ભાજપના પ્રદેશ નેતાઓને આશ્ચર્ય થયું હતું. આ મિલનમાં ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલી ઉપસ્થિત રહ્યાં હતા અને કહ્યું હતું કે ગુજરાતમાં ભાજપની સરકાર બનશે અને તેના માટે પ્રદેશ ઉપરાંત સમગ્ર પાર્ટી વિકાસને આગળ ધપાવવા પ્રયાસ કરી રહી છે.

# વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૨ માટેના ઉમેદવારે શપથ લેવા પડશે

ગાંધીનગર, તા. ૧૬

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ઉમેદવારી કરવા ઈચ્છતા તમામ ઉમેદવારોનું ભારતના સંવિધાનની કલમ-૧૭૩(ક) પરત્વે ધ્યાન દોરવામાં આવે છે. એમાં દર્શાવ્યું છે તે મુજબ સંવિધાનની ત્રીજી અનુસૂચિમાં નક્કી થયા મુજબના નમૂનામાં ચૂંટણી આયોગ દ્વારા તે હેતુ માટે અધિકૃત કરાયેલ વ્યક્તિ સમક્ષ ઉમેદવારે શપથ કે પ્રતિજ્ઞા લઈને, તેમાં સહી કરવાની રહેશે અને તો જ એ ઉમેદવાર વિધાનસભાની બેઠક માટે પસંદ થવા પાત્ર ગણાશે.

ઉમેદવારે ચૂંટણી ઉમેદવારી પત્ર રજૂ કર્યા બાદ જ તે શપથ કે પ્રતિજ્ઞા લઈ અને શપથ કે પ્રતિજ્ઞા પત્રમાં સહી કરી શકશે. તે ઉપરાંત સર્વોચ્ચ અદાલતના નિર્ણય અનુસાર ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ પહેલા એટલે કે આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભમાં પ્રથમ તબક્કા માટે તા. ૨૬-૧૧-૨૦૧૨ પહેલા તથા બીજા તબક્કા માટે તા. ૧-૧૨-૨૦૧૨ પહેલાં જ શપથ કે પ્રતિજ્ઞા લેવાની રહેશે અને તેમાં સહી કરવાની રહેશે. ઉમેદવારીપત્ર ભર્યા બાદ તરત જ ઉમેદવાર દ્વારા શપથ લેવામાં આવે તે ઈચ્છનીય છે.

# ભાજપની ચૂંટણી સમિતિની ૨૦મીએ દિલ્હી ખાતે બેઠક

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત વિધાનસભાની ૧૩મી અને ૧૭મી ડિસેમ્બરે બે તબક્કામાં યોજાનારી ચૂંટણીના ભાજપના ઉમેદવારોની પસંદગીને હાઈકમાન્ડની મંજૂરીની મહોર લગાવવા ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા વગેરે એકાદ-બે દિવસમાં દિલ્હી જશે. જેમાં ભાજપની કેન્દ્રિય ચૂંટણી સમિતિની તા. ૨૦મીએ મળનારી બેઠકમાં ઉમેદવારોની આખરી પસંદગીની કાર્યવાહી હાથ ધરાશે અને પ્રથમ તબક્કાની યાદી તા. ૨૩ સુધીમાં અને બીજા તબક્કાની યાદી તા. ૨૯મી નવેમ્બર સુધીમાં જાહેર કરવામાં આવશે તેમ સૂત્રો જણાવે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૧૫ જિલ્લાની ૮૭ બેઠકો માટે તા. ૧૩મી ડિસેમ્બરના રોજ તથા બાકી રહેલી ૧૨ જિલ્લાની ૯૫ બેઠકો માટે તા. ૧૭મી ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના ઉમેદવારોની પેનલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા તૈયાર કરી દેવામાં આવી છે.

આ યાદી લઈ ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રી ભરતસિંહ પરમાર વગેરે એકાદ-બે દિવસમાં જ દિલ્હી જશે. જ્યાં તા. ૨૦મી નવેમ્બરથી શરૂ થનારી કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠકમાં સહુ પહેલા પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટે ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવશે અને ત્યાર બાદ બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર પહેલા બાકી રહેલા ૯૫ બેઠકોના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, જે બેઠક ભાજપ માટે સો ટકા જીતી શકાય તેવી હશે અને જ્યાં કોઈપણ પ્રકારનો વિવાદ નહિ હોય તેવી બેઠકોના ઉમેદવારોની યાદી સહુથી પહેલા જાહેર કરી દેવાશે. અને જે બેઠક પર વિવાદ હશે અથવા તો વધુ મનોમંથનની જરૂર હશે તેવી બેઠકોના ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે અથવા તો આગળના દિવસની મોડી રાત્રે બારોબાર જાણ કરી દેવામાં આવશે. સૂત્રોએ એવો પણ દાવો કર્યો હતો કે આ ચૂંટણીમાં પ્રથમવાર ભાજપના હાઈકમાન્ડ દ્વારા ઉમેદવારની બારોબાર પસંદગી કરવામાં નહિ આવે. તમામ ઉમેદવારોના નામની જાહેરાત પ્રદેશ કક્ષાએથી થયેલી પસંદગીના આધારે હશે.

### સુરતમાં પ્લેગની મહામારીનો સામનો કરવો પડ્યો હતો:૫૭ લોકો મૃત્યુ પામ્યા હતા

# કોંગ્રેસમાં ત્રણ દાવેદારો વચ્ચે છબીલદાસની મુખ્યમંત્રી તરીકે પસંદગી કરવામાં આવી હતી

॥ દસમો મણકો ॥

ગુજરાતમાં એક સમયે ચીમનભાઈ પટેલનો સુવર્ણકાળ તપતો હતો. નવી દિલ્હીમાં તેમનો પડ્યો બોલ ઝીલાતો હતો. ગુજરાતના વિકાસ




માટે તેઓએ એક તબક્કે લડાઈ પણ છેડી હતી. કોંગ્રેસમાં જોડાયા પછી એવું લાગતું હતું કે તેઓ શાસનના પાંચ વર્ષ પુરાં કરશે પરંતુ કુદરતને કંઈ જુદું જ મંજૂર હતું.

રાજયસભાની ચૂંટણીના પરિણામ પછી રાજકીય આઘાત અને તેના થકી વધુ પડતા શ્રમથી ચીમનભાઈ પટેલનું અકાળે અવસાન થતાં ૧૭મી ફેબ્રુઆરી-૧૯૯૪ના રોજ કાર્યકારી મુખ્યમંત્રી તરીકે કેબિનેટમાં નંબર ટૂનું સ્થાન ધરાવતાં છબીલદાસ મહેતાની પસંદગી થઈ હતી. તેઓ ૨૨મી એપ્રિલ-૧૯૯૪ના રોજ વિધિસર ચૂંટાયા હતા અને મુખ્યમંત્રી તરીકે તેમની સોગંદવિધિ કરવામાં આવી હતી.

આઠમી વિધાનસભાની રચના ત્રીજી માર્ચ-૧૯૯૦ના રોજ થઈ હતી અને ૧૨મી માર્ચ-૧૯૯૫ના રોજ વિસર્જન કરવામાં આવ્યું હતું. વિધાનસભામાં ૧૮૨ સભ્યોમાંથી ૭૦ જનતાદળના, ૬૭ ભાજપના, ૩૩ કોંગ્રેસના અને ૧૨ અપક્ષ હતા.

છબીલદાસ મહેતા એક જૂના -જા સમાજવાદી પક્ષના નેતા હતા અને અશોક મહેતાના નેતૃત્વ હેઠળનો -જા સમાજવાદી પક્ષ કોંગ્રેસમાં જોડાતાં તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા. તેઓ ૧૯૭૪માં ચીમનભાઈ પટેલની સરકારમાં સિંચાઈ મંત્રી હતા તથા ૧૯૯૦માં તેમની જ સરકારમાં નાણામંત્રી હતા. છબીલદાસ ૧૯૫૮ થી ૧૯૬૦માં મુંબઈ વિધાનસભા પરિષદમાં તેમજ બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અને આઠમી ગુજરાત વિધાનસભાના સભ્ય રહ્યા હતા.

ગુજરાતની ભૂમિના રાજા



\- ગૌતમ પુરોહિત

અભ્યાસ ઓછો હોવા છતાં તેઓ કાબેલ વહીવટકર્તા પુરવાર થયા હતા. ખૂબ જ વિષમ પરિસ્થિતિમાં તેઓએ સરકારની બાગડોર સંભાળી હતી. તેઓએ ૩૮૯ દિવસ સુધી મુખ્યમંત્રીનું પદ સંભાળ્યું હતું. તેમના વખતમાં સરકારી કર્મચારીઓની હડતાલ પડી હતી જે તેઓએ મક્કમતાથી મંત્રણાના ટેબલ પર બેસીને દબાવી દીધી હતી.

સપ્ટેમ્બર-૧૯૯૪ના સમયમાં અતિવૃષ્ટી થવાથી તેમજ તાપી નદીમાં ભારે પૂરના કારણે સુરત શહેર જળબંબાકાર થઈ ગયું હતું, ત્યારબાદ ગંદકીના સામ્રાજય વચ્ચે પ્લેગની મહામારી ફેલાઈ હતી.

સુરતની સાથે રાજયના કેટલાક શહેરોને પણ પ્લેગ ભયગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. સુરતના વ્યવસાયકારો અને મજદૂરોએ સ્થળાંતર કરી દેતાં શહેર સૂમસામ બની ગયું હતું. તમામ ઉદ્યોગ-ધંધાઓ મહિનાઓ સુધી ચોપટ થઈ ગયા હતા. સત્તાવાર આંકડા મુજબ પ્લેગના કારણે સુરતમાં ૫૭નાં મોત થયાં હતા અને અસંખ્ય વ્યક્તિઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. આ સમયમાં છબીલદાસ મહેતાએ મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી મૃત્યુદીઠ ૨૫ હજારની રોકડ સહાય કરી હતી.

૨૨મી એપ્રિલ-૧૯૯૪ના રોજ છબીલદાસ મહેતાની વિધિવતરીતે કોંગ્રેસના નેતા અને મુખ્યમંત્રી તરીકે સોગંધવિધિ કરવામાં આવી હતી. નવા મંત્રીમંડળમાં સંસદીય સચિવો સાથે કુલ ૪૪ મંત્રીઓ હતા. ગુજરાતનું આ મોટામાં મોટું મંત્રીમંડળ હતું. આ મંત્રીમંડળને જમ્બો તરીકે ઓળખવામાં આવતું હતું કારણ કે તેમાં સ્વ.ચીમનભાઈના અવસાન પછી મુખ્યમંત્રીના કુલ ત્રણ દાવેદારો હતી જે પૈકી બે મુખ્ય દાવેદારામાં એક હતા દક્ષિણ ગુજરાતના સી.ડી.પટેલ અને બીજા હતા વિલિન જનતાદળ ગુજરાતના નરહરિ અમીન.

આ બંન્ને નેતાઓને સમાધાનના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રી બનાવી દેવામાં આવ્યા હતા. જો કે આ મંત્રીમંડળમાં ગુજરાતના તમામ જિલ્લાઓને -તિનિધિત્વ આપવામાં આવ્યું હતું. ઉંમર -માણે વર્ગીકરણ કરવામાં આવે તો ૨૫ થી ૩૦ વર્ષની વયના પાંચ મંત્રીઓ હતા. ૧૬ મંત્રીઓ ૩૬ થી ૫૦ વર્ષની વયના હતા અને ૨૨ મંત્રીઓ ૫૦ વર્ષથી ઉપરની વયના હતા. એક મંત્રી બરજૂલ પટેલે પોતાની જન્મતારીખ દર્શાવી ન હતી.

છબીલદાસનો કાર્યકાળ ૩૮૯ દિવસોનો રહ્યો છે. તેઓ અધિકારીઓ સાથે મનમેળ ધરાવતા હતા. કાયદો અને વ્યવસ્થાની પુરતી તકેદારી રાખતાં હતા. વિરોધપક્ષની પણ યોગ્ય વાત માની લેવાની તેમની તૈયારી હતી. રોજીંદા જીવનમાં સાદગી અને સરળતા ટપકતી હતી. તેમના માઈનસ પાસામાં ચાર બાબતો હતી.

છબીલદાસ સમગ્ર પક્ષમાં લોકપ્ચિ ન હતા. વધારે પડતી નિખાલસ વૃત્તિ અને તડફડ કરવાથી સાથીઓને ખૂંચતા હતા. વહીવટમાં જૈસે થે નું વલણ તેમનું મુખ્ય નબળું પાસુ ગણવામાં આવે છે. તેમનો -ભાવ માત્ર સૌરાષ્ટ્ર પુરતો સિમિત હોવાની છાપ ઉપસી હતી. ૧૯૯૫માં જયારે વિધાનસભાની ચૂંટણીનો સમય આવ્યો ત્યારે કોંગ્રેસ પક્ષમાંથી કોને મુખ્યમંત્રી તરીકે નેજેક્ટ કરવા તેના નામની યાદીમાં છબીલદાસનો છેલ્લો નંબર હતો. (ક્રમશઃ)

## ચૂંટણી પ્રક્રિયા આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિગતો પ્રમાણે ૨૦મી સુધીમાં ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપી દેવામાં આવશે અને તેની ઘોષણા કરાશે.

કોંગ્રેસના આગેવાનો દ્વારા આજે દિલ્હીમાં કવાયત ચાલી રહી છે. અને કાલે સીડબલ્યુસીની બેઠકમાં આખરી પસંદગીની મહોર માર્યા બાદ નામોની યાદી જાહેર કરાશે તેમ જાણવા મળેલ છે.

પરિવર્તન પાર્ટી દ્વારા પણ આ પ્રથમ તબક્કાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે અને ૨૧ અથવા ૨૨મીએ તેની પ્રથમ યાદી જાહેર થશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

## ચૂંટણી પંચ દ્વારા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુડાના નાયબ કલેકટર શ્રી ટી.કે. ડોડિયાને સુરતમાં નાયબ કમિશનર મનોરંજન કર તરીકે મુકવામાં આવ્યા છે.

મહેસુલ વિભાગે કરેલા હુકમમાં અમીરગઢના મામલતદાર શ્રી વરસાતને ડીઝાસ્ટર સેલમાં મુકવામાં આવ્યા છે જયારે સુશ્રી દેસાઈને ડીઝાસ્ટર સેલમાંથી મામલતદાર તરીકે નિમણુંક અપાઈ છે. આ ઉપરાંત કચ્છમાં પણ બે મામલતદારોની બદલી કરાઈ છે.

ચુંટણી પંચ દ્વારા આજે અપાયેલા નિર્દેશોને પગલે છેલ્લી ઘડીએ કરાયેલા આ ફેરફારોથી તંત્રમાં પણ સોંપો પડી જવા પામ્યો છે.